# બિનસરકારી અનુદાનિત (શિક્ષણ અને કાયદા વિદ્યાશાખા)ની કોલેજો ખાતે "અધ્યાપક સહાયક" ની ખાલી જગ્યાઓ માટે યોજાયેલ સમાલાપ કાર્યવાહી બાદ તૈયાર થયેલ ફાઈનલ મેરીટ લીસ્ટ અંગેની પબ્લિક નોટીસ

તા. ૧૨-૦૭-૨૦૧૯

ઉચ્ચ શિક્ષણ કમિશ્નર (ગુ.રા.),ગાંધીનગરની કચેરી દ્વારા રાજ્યની બિનસરકારી અનુદાનિત શિક્ષણ(બી.એડ.) અને કાયદા (લો) ની કોલેજોમાં "અધ્યાપક સહાયક" ના નામાભીધાનથી શિક્ષણની કુલ-૭૭ અને કાયદાની કુલ-૪૬ જગ્યા પર નિમણુક આપવાના હેતુથી કેન્દ્રીયકૃત પારદર્શક ભરતી પ્રક્રિયા માટે આયોજન કરવામાં આવેલ હતું. આ માટેની સમાલાપ કાર્યવાહી તા.૦૩-૦૬-૨૦૧૯ થી તા.૧૨-૦૬-૨૦૧૯ તથા ૧૭-૦૬-૨૦૧૯ અને તા. ૧૮-૦૬-૨૦૧૯ દરમ્યાન કેસીજી કચેરી, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ હતી. આ સમાલાપ કાર્યવાહી દરમ્યાન અરજદારોએ કોલેજ/મેનેજમેન્ટ પ્રતિનિધિઓ, યુનિવર્સિટી પ્રતિનિધિઓ, અને સરકારી પ્રતિનિધિઓ સમક્ષ ઈન્ટરવ્યુ આપેલ હતા. આ ઈન્ટરવ્યુ બાદ કોલેજ/મેનેજમેન્ટ પ્રતિનિધિઓ, યુનિવર્સિટી પ્રતિનિધિઓ, અને સરકારી પ્રતિનિધિઓ દ્વારા આપવામાં આવેલ ગુણાંકનને ઉમેદવારના શૈક્ષણિક મેરીટમાં ઉમેરો કર્યા બાદ વિષય પ્રમાણે તથા કોલેજ પ્રમાણે અંતિમ મેરીટ તૈયાર થયેલ છે. સમગ્ર પદ્ધતિમાં તમામ લેવલે તમામ સંસ્થા અને ઉમેદવારોને સંપૂર્ણ સાચી માહિતી પ્રાપ્ત થાય તથા માત્ર મેરીટના આધારે જ કાર્યવાહી થયેલ છે તેની જાણ સહુને થાય તેથી સમગ્ર મેરીટ યાદી આ સાથે જાહેર કરવામાં આવે છે. આ મેરીટ યાદી અંતિમ છે તેમાં કોઈ ફેરફારને અવધિ નથી. જેની સૌ ઉમેદવારોએ નોંધ લેવાની રહેશે.

પ્રો. એ. યુ. પટેલ, 12-7-19
એડવાઇઝર, કેસીજી
ચેરમેન, બી.એડ./લો કમિટી
પૂર્વ કુલપતિ,
ગુજરાત યુનિવર્સિટી